
# ટ્રક ચાલકો પાસે એક હજાર રૂપિયા ઉઘરાવતા શખ્સોથી ટ્રક માલિકો ત્રાહિમામ

## મોડાસા - મુંબઇ બકરા ભરેલી ટ્રક ચલાવવી હોય તો એક હજારનો પાસ, વીડિયો વાઇરલ

મોડાસાનો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ દેશભરમાં જાણીતો છે.મોડાસા શહેર માંથી હજ્જારો ટ્રકો સમગ્ર દેશમાં માલસામાનની હેરાફેરી કરી રહી છે ૧૫૦થી વધુ ટ્રકો ગોટસ્ ટ્રાન્સપોર્ટ એશોસીયેશનના નેજા હેઠળ બકરાની હેરાફેરી કરી રહી છે જયારે અન્ય ટ્રક માલિકો ગોટ્સ એસોસિએશનમાં જોડાયા વગર બકરાની હેરાફેરી કરી રહ્યા છે થોડા સમય અગાઉ મોડાસા ખાતેના ગોટસ્ ટ્રાન્સપોર્ટ એશોસીયેશનના ટ્રક માલીકોને મોડાસા-મુંબઈ માર્ગે અટકાવી રૂપિયા ૧ હજારની બળજબરી ખંડણી વસૂલવામાં આવતા હોવા અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ૫ લોકો સામે પોલીસ ફરિયાદ પણ નોંધઈ હતી અને ૪ લોકોની ધરપકડ પણ કરવામાં આવી હતી તેમ છતાં ટ્રક ચાલકો પાસેથી કેટલાક શખ્સો મોડાસા-મુંબઈ વચ્ચે બકરા ભરેલ ટ્રક ચલાવવી હોય તો ૧ હજારની ઉઘરાણી કરી પાસ આપવામાં આવતો હોવાનો અને પાસ હોય તો ગુજરાતમાં જીવદયા પ્રેમી લોકો હેરાનગતિ ન કરતા હોવાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાઇરલ થતા ભારે ચકચાર મચી છે આ વિડીયો અંગે સાચો છે કે ખોટો તેની પુષ્ઠી સમાચાર પત્ર કરતુ નથી.




મોડાસા શહેરમાં બકરા સહીત પશુઓની હેરાફેરી કરતા ટ્રક માલિકો વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ડખો ચાલી રહી છે થોડા સમય અગાઉ ધી મોડાસા ડીવીઝન ગોટ્સ ટ્રાન્સપોર્ટ ઓનર્સ એશોસીયેશન દ્વારા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી જેમાં ટ્રક દીઠ મોડાસા અને મહારાષ્ટ્રના કેટલાક શખ્સો ૧ હજાર રૂપિયાની ખંડણી માંગી હેરાન કરતા હોવાનું જણાવ્યું હતું ત્યારે આ પ્રકરણ અનુસંધાન વધુ એક વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો છે જેમાં કારમાં બેઠેલા અને ટ્રક ચાલક અને મજુર વચ્ચેનો વાર્તલાપ છે.

સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલ વીડિયોમાં ટ્રક ચાલક અને મજુર સાથે કારમાં બેઠેલો વ્યક્તી પાસ સાથે વાર્તાલાપ કરી રહ્યો છે જેમાં આ પાસ મોડાસાના સલીમ દાદુ નામના શખ્શે બનાવી આપ્યું હોવાનું અને આ કાર્ડના ૧ હજાર રૂપિયા લેવામાં આવી રહ્યા છે આ કાર્ડથી ગુજરાતમાં ગૌરક્ષકો અને જીવદયા પ્રેમીઓ હેરાન ન કરતા હોવાનું એક વ્યક્તિ જણાવી રહ્યોં છે આ અંગેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા ભારે ચકચાર મચી છે ત્યારે સમગ્ર પ્રકરણ બાબતે પોલીસતંત્ર નક્કર કાર્યવાહી કરેની માંગ પ્રબળ બની છે.

# આકરૂન્દ હાઈસ્કુલની ગણિત-વિજ્ઞાન કૃતિ જિલ્લામાં પ્રથમ, રાજ્ય કક્ષા માટે સ્થાન મેળવ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

અરવલ્લી જિલ્લા કક્ષાએ વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન યોજાઈ ગયું જેમાં જિલ્લાની



અનેક શાળાઓએ પોતાની કૃતિ રજૂ કરી હતી જેમાં ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલની વિભાગ-૩માં રજૂ કરાયેલી કૃતિને જિલ્લામાં પ્રથમ સ્થાન મળતાં રાજ્ય કક્ષા માટે પસંદગી કરવામાં આવી છે.

ગણિત-વિજ્ઞાન સહિત પર્યાવરણમાં વિદ્યાર્થીઓની રૂચિ વધે અને નવા સંશોધનો થઈ શકે અને બાળ વૈજ્ઞાનિકોમાં ઉત્સાહનો સંચાર થાય તે માટે દર વર્ષે જી.સી.ઈ.આર.ટી.-ગાંધીનગર દ્વારા જિલ્લા અને રાજ્ય કક્ષાના પ્રદર્શન યોજાતા હોય છે. જેમાં દર વર્ષે જિલ્લાની અનેક શાળાઓમાં યશસ્વી દેખાવ કરી રાજ્ય કક્ષામાં સ્થાન મેળવતા હોય છે. તાજેતરમાં યોજાયેલા પ્રદર્શનમાં આકરૂન્દ હાઈસ્કુલના વિજ્ઞાન વિષયના શિક્ષક મનહરભાઈ પી. પટેલ અને બાળ વૈજ્ઞાનિકો દ્વારા વિભાગ-૩ માં કૃતિ રજૂ કરવામાં આવી હતી જે કૃતિને જિલ્લામાં પ્રથમ સ્થાન મળતાં આકરૂન્દ હાઈસ્કુલને ગૌરવ અપાવનારા વિજ્ઞાન શિક્ષક અને બાળ વૈજ્ઞાનિકોને આકરૂન્દ કેળવણી મંડળના મંત્રી હસમુખભાઈ પટેલ, ઉપપ્રમુખ નરસિંહદાસ પટેલ, સહમંત્રી દિનેશભાઈ પટેલ, આચાર્ય જે.ડી.ભાટી, શિક્ષણ કો.ઓર્ડીનેટર પંકજભાઈ કટારા, પ્રા. વિભાગના આચાર્ય ગીતાબેન પટેલ, શિક્ષણ કો.ઓર્ડીનેટર તુષારભાઈ પટેલ વગેરેએ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી તેમજ આકરૂન્દ શાળા પરિવારે કૃતિઓને જિલ્લા કક્ષાએ મોકલવા બદલ નોડલ કન્વિનર એસ. કે. પટેલ(બાયડ)નો આભાર માન્યો હતો. જયારે બાયડ તાલુકાની સરસ્વતી વિદ્યાલય-રમાસ વિભાગ-૫ માં અને જ્યોતિ ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળા-વાસણીરેલ વિભાગ-૧ માં પ્રથમ સ્થાને આવતાં તેમને પણ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી થઈ છે.

# કૃષિ રાહત પેકેજ : સાબરકાંઠા, અરવલ્લીના ખેડૂતોને અન્યાય થઈ રહ્યાનો કચવાટ

## સર્વે સામે અસરગ્રસ્ત ગામે ગામથી બહાર આવતો રોષ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

રાજ્ય સરકાર દ્વારા ૫૦૦ કરોડના કૃષિ રાહત પેકેજ જાહેર થતાં સૌરાષ્ટ્ર સહિત ઉત્તર ગુજરાતના ખેડૂતોમાં કચવાટ સામે આવ્યો છે. સર્વેમાં યોગ્ય તકેદારી રખાઈ નથી અને ૩૩ ટકાથી ઓછા નુક્સાનીનો સર્વે કરતાં અસરગ્રસ્ત અનેક ખેડૂતો પાયમાલ થઈ જશે. જેથી અસરગ્રસ્ત ગામેગામથી ખેડૂતોમાં દેખાયેલો રોષ આવનારા દિવસોમાં જાહેર માર્ગો ઉપર આવી શકે છે. જિલ્લામાં બાજરી, પપૈયા, મગ, તલ સહિતના પાકને નુક્સાન છતાં તંત્રએ જિલ્લામાં કશું નુક્સાન જ નથી તેવા રિપોર્ટ કરી ખેડૂતોનું ખુલ્લેઆમ અહીત કર્યાની હૈયાવરાળ સાંભળવા મળી છે.

ખેડૂત સમૃદ્ધ તો રાજ્ય અને દેશ સમૃદ્ધ આવું બોલનારા લોક સેવકો અત્યારે કયાંય હરફ ઉચ્ચારવા તૈયાર નથી. તાઉતે વાવાઝોડાના કારણે સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતના અનેક તાલુકાઓમાં ખેતી અને બાગાયતી પાકોને અગણિત નુક્સાનના આંકડા સામે આવ્યા છે. સૌરાષ્ટ્રની સરખામણીએ ઉત્તર ગુજરાતમાં નુક્સાનનો આંકડો ઓછો છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સર્વેના પ્રારંભિક અવતરણ બહાર આવ્યા તે જોતાં જિલ્લાના ખેડૂતોને વાવાઝોડાએ આર્થિક રીતે પાયમાલ કર્યા છતાં સરકારની કોઈ સહાય મળે તેવી સંભાવના બહુ ઓછી છે. સરકારના ૫૦૦ કરોડના કૃષિ રાહત પેકેજ સામે પણ હવે અસરગ્રસત જિલ્લા અને તાલુકાઓમાંથી ખેડુતોનો રોષ સામે આવી રહ્યો છે. જિલ્લાના તલોદ અને પ્રાંતિજ તાલુકાના ખેડૂત આગેવાનોએ કૃષિ રાહત પેકેજમાં વાવાઝોડાથી તબાહ થયેલા જિલ્લાના ખેડૂતોને અન્યાય થશે તો ઉગ્ર જંગની ચેતવણી પણ આપી દીધી છે. તો કેટલાક ખેડૂતોએ સરકાર નિષ્ણાતો પાસે સર્વે કરાવે અને પછી જ સહાય ચૂકવવાના માપદંડો જાહેર કરવા જોઈતા હતા તેવું બોલી રહ્યા છે. કૃષિ રાહત પેકેજમાં અસરગ્રસ્ત ખેડૂતોને આચમન જેટલી સહાય મળવાપાત્ર થઈ રહી છે તેની સામે પણ છૂપો આક્રોશ જાહેરમાં આવી શકે છે.

## ડીસા તાલુકાના માણેકપુરા ગામે પ્રેમી યુગલનો આપઘાત

ડીસા તાલુકા ના માણેકપુરા ગામે એક પ્રેમી યુગલ આપઘાત કરી લેતા ભારે અરેરાટી મચી જવા પામી છે પરણિત યુવક યુવતીના પ્રેમમાં હોવાનું પ્રાથમિક દ્રષ્ટિ એ જાણવા મળ્યું હતું. બન્ને પ્રેમી યુગલની આપઘાતની ઘટનાના પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી અને હાલમાં મામલે તાલુકા પોલીસે દોડી આવી પ્રેમ પ્રકરણ અને આપઘાત મામલે વધુ તપાસ હાથ ધરી છે. કોરોના મહામારી વચ્ચે પણ આપઘાત જેવી ઘટનાઓ માં પણ વધારો થવા પામ્યો છે જેમાં મોટાભાગે આર્થિક ભીડ , બેરોજગારી સિવાય પ્રેમી યુગલ ના આપઘાત કરવાની બાબતો માં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે જેમાં શુક્રવારે ડીસા તાલુકા ના માણેકપુરા ગામે પ્રેમી યુગલે આપઘાત કરી જીવન ટુકાવ્યું હતું જેમાં માણેકપુરા ખાતે રહેતા અને પરનિત એવા વકતુંજી ઠાકોર ને ગામ માં જ રહેતી અસ્મિતા ઠાકોર નામની યુવતી સાથે પ્રેમ હતો લાંબા સમય થી બન્ને એક બીજાના પ્રેમ માં હોઈ બન્ને ના ભેગા રહેવું સકય ન હોઈ આ પ્રેમી યુગલે સાથે જીવવા કરતા મરવાનું વધારે પસન્દ કર્યું હતું અને ગત રાત્રી એ આ પ્રેમી યુગલે આપઘાત કરી જીવન ટુકાવ્યું હતું.

# લ્યો બોલો કાર ધારકો અને સરકારી કર્મીઓ NSFAનો લાભ લેતા હતા

## મેઘરજ તાલુકામાં કાર ધરાવનારના ૨૨૦ અને સરકારી કર્મીના ૨૦ રેશનકાર્ડ રદ

મેઘરજ તાલુકામાં અન્ન સુરક્ષા કાયદા હેઠળ અનાજ મેળવતા હોય અને તેમની પાસે ફોરવ્હીલર વાહન હોય તેવા નાગરિકોના રેશનકાર્ડ રદ કરવાની ઝુંબેશ તથા મેઘરજ પુરવઠા વિભાગ દ્વારા હાથ ધરાઈ હતી. તાલુકામાં ફોરવ્હીલર ધારકોને પોતાના લાભ સ્વમેળે બંધ કરવા પત્રથી જાણ કરવામાં આવી હતી. આખરે પુરવઠા વિભાગે મેઘરજ તાલુકામાં ફોર વ્હીલર વાહન ધારકોના ૨૨૦ અને સરકારી કર્મચારીઓના ૨૦ થી વધુ રેશનકાર્ડ રદ કરાયા છે.

મેઘરજ પુરવઠા વિભાગ દ્વારા મેઘરજ તાલુકામાં ફોરવ્હીલર વાહન ધારકોની આરટીઓ કચેરી પાસેથી લિસ્ટ મંગાવી ૨૩૩૩ જેટલા ફોરવ્હીલર વાહન ધારકોને પત્રથી જાણ કરી પોતાનો લાભ સ્વમેળે બંધ કરવા જણાવાયું હતું અને જો ફોર વ્હીલ ધારક સ્વમેળે લાભજતો નહીં કરે તો નોટીસ બજવણી પછી પુરવઠા વિભાગ તાલુકા કક્ષાએથી લાભ બંધ કરશે તેમ પણ જણાવ્યું હતું.

મેઘરજ તાલુકામાં અંત્યોદય યોજના હેઠળ લાભ લેતા લાભાર્થી ૩૧૮૨ છે, બીપીએલ યોજના હેઠળ લાભ લેતા લાભાર્થી ૧૬૪૨૬ છે અને એપીએલ કાર્ડધારકો ૭૧૨૨ છે. કુલ ૨૬૭૩૦ જેટલા નાગરિકો અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ હેઠળ લાભ મેળવી રહ્યા છે. કાયદામાં સ્પષ્ટ જોગવાઈ છે કે ફોરવ્હીલર ધરાવતા નાગરિકોને સરકારી સસ્તા ભાવે અનાજ લેવાનો લાભ મળે નહી પરંતુ રાજ્યમાં અનેક નાગરિકો પોતાની વિગતો છૂપાવીને રાહત દરે અનાજ મેળવે છે. જેમાં મેઘરજ પુરવઠા વિભાગે તાલુકાના તમામ ગામોના આરટીઓ પાસેથી નોંધાયેલ ફોરવ્હીલર વાહન માલિકોના નામ સરનામાની વિગતો મંગાવવામાં આવી હતી.

તાલુકાની તમામ સસ્તા અનાજના દુકાનદારોને પણ સુચના આપવામાં આવી હતી કે પોતાના વિસ્તારમાંથી ફોરવ્હીલર વાહન માલિકોની યાદી તૈયાર કરે અને સરકારી નોકરી ધરાવતા નાગરિકોની યાદી પણ જે તે વિભાગમાંથી મંગાવવામાં આવી હતી. જે નાગરિકોની આવક વધુ છે તેમનું અનાજ બંધ કરી અતિ જરૂરિયાતવાળા પરિવારોને અગ્રીમતા આપવાના હેતુસર અભિયાન શરૂ કરાયું છે. ત્યારે મેઘરજ મામલતદાર અને પુરવઠા વિભાગ દ્વારા ફોરવ્હીલર વાહન ધરાવતા ૨૨૦અનેસરકારી કર્મચારી ૨૦ જેટલાના રેશનકાર્ડ રદ કરી દેવામાં આવ્યા છે. હજુ તાલુકામાં રેશનકાર્ડ ધારકોની ચકાસણી ચાલુ છે.

# લ્યો બોલો : મોડાસામાં વેપારીઓ રૂપિયા પાંચની નોટ સ્વીકારતા ન હોવાની બુમ

## નોટ ચલણમાં હોવા છતાં સ્વીકારવાનો ઈન્કાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

રૂા.૫ ની ભારતીય ચલણની નોટ ચલણમાં હોવા છતાં મોડાસા શહેરના કેટલાક વેપારીઓ નોટનો અસ્વીકાર કરતા હોવાની બુમ ઉઠી



છે. નોટ કાયદેસર રીતે ચલણમાં હોવા છતાં મનમાની રીતે સ્વીકાર કરવાનો વેપારીઓ ઈન્કાર કરી રહ્યા છે જેથી ચલણી નોટ ચલણમાં છે કે પછી નિકળી ગઈ છે..?? તે સવાલ ગ્રાહકોને મૂંઝવી રહ્યો છે.

અગાઉ પરચૂરણની અછતે પ્રજા અને વેપારીઓને પરેશાન કરી મૂક્યા હતા. બજારમાં નવી ચલણી નોટ અને સિક્કા ચલણમાં આવતાં સૌ કોઈએ હાશ અનુભવી હતી પરંતુ એસ.ટી. બસમાં આજે પણ પરચૂરણની પળોજણ સ્પષ્ટ દેખાઈ રહી છે. છુટ્ટા પૈસા માટે કકળાટ કાયમી ધોરણે દૂર થઈ શક્યો નથી ત્યાં હવે અરવલ્લીના પાટનગર મોડાસામાં રૂા.૫ ની ચલણી નોટનો અસ્વીકાર કરવાની વેપારીઓમાં જાણે કે હોડ જામી છે. ગ્રામ્ય વિસ્તારમાંથી રોજ અસંખ્ય ગ્રાહકો ખરીદી માટે મોડાસામાં આવતા હોય છે.

જ્યાં ખરીદી બાદ વેપારીઓને જરૂરી ચીજવસ્તુ સામે રૂા.૫ ની ચલણી નોટ આપવામાં આવે ત્યારે મોંઢુ મચકોડી ગ્રાહકને પરત આપી દેતા હોય છે. અગાઉ રૂા.૧૦ નો સિક્કો વેપારીઓ સ્વીકારવાનો નન્નો ભણતા હોવાથી સિકકાનો કકળાટ સંભળાતો હતો પરંતુ હવે આશ્ચર્ય વચ્ચે રૂા.૫ ના દરની ચલણી નોટ ભારતીય ચલણમાં ચાલુ હોવા છતાં વેપારીઓ સ્વીકારવાથી હાથ ઉંચા કરતા હોવાની વ્યાપક ફરિયાદો સાંભળવા મળી રહી છે.


# અરવલ્લીમાં કોરોના કેસ ઘટતાં કોવિડ હોસ્પિટલોમાં ૨૫ ટકા બેડ ખાલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

અરવલ્લી જિલ્લામાં કોરોનાના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ૧ મહિના અગાઉ કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં જિલ્લાની સરકારી, ખાનગી કોવિડ હોસ્પિટલો અને કોવિડ કેર સેન્ટરોમાં સંક્રમિત દર્દીઓને બેડ મળવો પણ મુશ્કેલ હતો ત્યાં આજે કોવિડની સારવાર માટે ૨૫ ટકા બેડ ખાલી જોવા મળી રહ્યા છે. બેકાબુ સંક્રમણ અંકુશમાં આવતાં આરોગ્ય તંત્રએ ખાસ્સી રાહત અનુભવી છે. જિલ્લામાં વધતા કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખી આરોગ્ય વિભાગ દ્વારા ૧૯ સરકારી, પ્રાઈવેટ કોવિડ હોસ્પિટલ તેમજ ૯ કોવિડ કેર સેન્ટરો તાબડતોબ શરૂ કરવામાં આવ્યા હતા પરંતુ હવે સારવાર કેન્દ્રોમાં દર્દીઓની સંખ્યા સાવ ઘટી ગઈ છે.

રાજ્ય સહિત જિલ્લામાં પણ કોરોના સંક્રમણની તેજ રફતારમાં ઘટાડો થયો હોય તેવું ચિત્ર સામે આવી રહ્યું છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં કેસની સંખ્યામાં મોટો ઘટાડો થઈ રહ્યો છે. જિલ્લામાં કોરોનાની બીજી લહેર સૌથી વધુ ઘાતક સાબિત થતાં અસંખ્ય પરિવારોમાં મોતનો માતમ છવાયો છે. જ્યારે અગાઉ સંક્રમિત કેસ રોકેટ ગતિએ વધતાં આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું હતું અને ગામડામાં ફેલાયેલા સંક્રમણને અંકુશમાં લેવાની સાથે કોવિડના દર્દીઓ માટે ૯ કોવિડ કેર સેન્ટરો શરૂ કરવાની ફરજ પડી હતી. ૧ મહિના અગાઉ તો સરકારી અને પ્રાઈવેટ હોસ્પિટલોમાં કોરોનાની સારવાર લેવા જતાં ખાલી બેડ મળવો પણ મુશ્કેલ હોવાથી અનેક સંક્રમિત દર્દીઓ કપરા કાળમાં જાય તો જાયે કહાં જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. મોટાભાગની હોસ્પિટલો હાઉસ્ફુલ થઈ જતાં દર્દીનો જીવ બચાવવા પરિવારજનોને અમદાવાદ, ગાંધીનગર, વડોદરા સહિતના શહેરોની હોસ્પિટલો સુધી દોડવાની ફરજ પડી હતી પરંતુ તાઉતે વાવાઝોડું આવ્યું અને કોરોના સંક્રમણને સાથે ઉડાવી ગયું હોય તેમ આશ્ચર્ય વચ્ચે કેસની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. કોવિડ હોસ્પિટલો તેમજ કોવિડ કેર સેન્ટરોમાં સારવાર લેનારા દર્દીઓની સંખ્યા ઘટતાં આરોગ્ય તંત્રએ અંદરખાને રાહતની લાગણી અનુભવી છે.

# જન્મદિને વધામણી



પિયુષ દિલીપસિંહ રાઠોડ
મોટીઈન્દ્રાણ, તા.બાયડ



હીત ધવલકુમાર સોની
બાયડ



અરૂણભાઈ વી. પટેલ
(મંત્રી : ગુ. પ્રદેશ કોંગ્રેસ સમિતિ)
જીવણપુર, તા.મોડાસા



પ્રાર્થના પંકજભાઈ પટેલ
(ઉમિયાનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



મુકેશભાઈ પટેલ
(સી.ઈ.ઓ. : અર્બુદા એગ્રો કેમીકલ્સ પ્રા.લી.)
અણિયોડ, તા.તલોદ



અતુલ એમ. શાહ
(ગોકુલેશ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



સૂરજ પી. વાઘેલા
(હેર વિસ્તાર)
બાયડ, જિ.અરવલ્લી



સ્મિત પટેલ
બાયડ, જિ.અરવલ્લી



અર્પિત પટેલ
(શિવશક્તિ સીડ્સ-મોડાસા)
મોડાસા, જિ.અરવલ્લી



મોઈન મનસૂરી
બાયડ, જિ.અરવલ્લી



પ્રજ્ઞેશ એન. પટેલ
ડેમાઈ, તા.બાયડ







**પ્રાતિજ વ્હોરવાડ ખાતે કોવિડ રસીકરણનો કેમ્પ યોજાયો : ૧૦૦થી વધુ લોકોને રસી અપાઈ**

પ્રાંતિજમાં આજે સંસ્કાર બાલવાડી વ્હોરવાડ ખાતે તાલુકા હેલ્થ ઓફિસ અને હેલ્પિંગ હેન્ડ્સ ગ્રુપ પ્રાંતિજના સહયોગથી કોવિશિલ્ડ રસીનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જેમની ઉમર ૪૫ વર્ષથી વધુ વયના હોય તેમને પ્રથમ ડોઝ અને જેમને કોવિશિલ્ડ રસીનો પહેલો ડોઝ લીધેલ હોય અને ૮૪ દિવસ પૂર્ણ થયા હોય તેમને બીજો ડોઝ આપવામાં આવેલ. આમ આ રસીકરણ પ્રોગ્રામમાં ૧૦૦ થી વધુ લાભાર્થીઓએ રસીનો લાભ લીધો હતો. આ પ્રોગ્રામ દરમિયાન તાલુકા હેલ્થ અધિકારી ડો.એ.એચ.સોલંકી, મેડિકલ ઓફિસર ડો.પ્રકાશભાઈ દ્વારા સ્થળ નિરીક્ષણ કરાયું હતું. અને લોકોને રસી બાબતે મૂંઝવતા પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા . આ રસીકરણમાં પ્રોગ્રામ ઈન્ચાર્જ આર.જે. ઝાલા , બેલાબેન અને ક્રિષ્નાબેન તેમજ આશા વર્કર બેહનો અને આંગણવાડી બહેનો તેમજ હેલ્પિંગ હેન્ડ્સ ગ્રુપ પ્રાંતિજની ટીમ અને અપક્ષ કાઉન્સિલર એડ્વોકેટ મોહસીન એમ.છાલોટીયા દ્વારા પ્રશંસનીય કામગીરી કરી પ્રોગ્રામને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જાહેર નિવિદાનં. ૦૪ સને ૨૦૨૧-૨૨

કાર્યપાલક ઇજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ માલપુર રોડ, મોડાસા ફોનનં.૦૨૭૭૪-૨૪૭૨૯૩ દ્વારા નીચેના કામના ટેન્ડર ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી માંગવામાં આવે છે. (૧) કામનું નામઃ- (૧) ઠાકોરવાસ (સવેલા) તથા વીરાખાંટના મુવાડા તા. બાયડ મુકામે ઉચી ટાંકી તથા પાઇપ લાઇનના કામ I.D.No.463653 અંદાજીત કિમત રૂા.૧૦૪૭૯૭૮.૧૮ છે (બીજીવારનું) (૨) તાલોદ તથા મહાદેવપુરા તા. બાયડ મુકામે ઉચી ટાંકી તથા પાઇપ લાઇનના કામ I.D.No.463668 અંદાજીત કિમત રૂા.૧૩૪૨૦૫૮.૨૬ છે (બીજીવારનું) (૩)સાયરા હે.વ. ખાતે પંપ હાઉસ તથા સંપને હેડરથી જોડાણ કરવા માટે ખોદાણ ચેમ્બરના બાંધકામ તથા હયાત પાઇપ લાઇન સાથે જોડાણના કામ I.D.No.463660 અંદાજીત કિમત રૂા.૧૦૭૭૭૩૮.૮૬ છે. (બીજીવારનું) (૨) કોન્ટ્રાકટર માટેની પાત્રતાઃ-(૧) અને (૩) "ઇ-૨"વર્ગ અને (૩) ટેન્ડર ઓન લાઇન રજુ કરવાની છેલ્લી તા. ૧૦/૦૬/૨૦૨૧ ના રોજ સાંજના ૧૮.૦૦ કલાક સુધી ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ સાઇટ www.gwssb.org, તથા http:///www. statetenders.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો કચેરી સમય દરમ્યાન ઉપરોકત કચેરી પાસેથી મેળવી શકાશે.

નામાનિ/હિંમત/૧૦૪/૨૦૨૧